# પ્રસાર ભારતી

## પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 12-06-2024 સાંજે : 7.10 થી 7.20pm

વાર : બુધવાર પ્રાદેશિક સમાચાર

આકાશવાણી અમદાવાદ, વડોદરા....પ્રાદેશિક સમાચાર જયેશ પટેલ વાંચે છે.

---

- માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં 'નમો લક્ષ્મી' યોજના અમલી - ધોરણ 10 અને 12ની અંદાજે 5.31 લાખ વિદ્યાર્થિનીઓએ કરાવી નોંધણી...
- ગૃહમંત્રાલયે એમ્યૂઝમેન્ટ રાઇડ્સ અને ગેમીંગ ઝોન સુરક્ષા માટેની માર્ગદર્શિકા તૈયાર કરી...સામાન્ય નાગરિકો 25 જૂન સુધી મંત્રાલયને મોકલી શકશે વાઁધા -સૂચનો
- રાજ્યમાં બે જુદા જુદા અકસ્માતમાં પાંચ લોકોના મૃત્યુ નિપજયાં, ત્રણ લોકો ગંભીર રીતે ઘવાયા
- હવામાન વિભાગ દ્વારા આગામી સાત દિવસમાં રાજ્યમાં ગાજવીજ સાથે સાર્વત્રિક વરસાદની અગાહી
- અને આજે વિશ્વ બાળ મજૂરી વિરોધી દિવસ નિમિત્તે વિવિધ જિલ્લાઓમાં જાગૃતિ કાર્યક્રમ યોજાયા

---

(ન્યૂઝ બ્રેક – આ પ્રાદેશિક સમાચાર આપ આકાશવાણી અમદાવાદ – વડોદરા પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી – અમદાવાદ – વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

**LAKSHMI YOJANA**

રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીઓના અભ્યાસખર્ચમાં સહાયરૂપ થવા, તેમજ પરિવારને આર્થિક સહાય પૂરી પાડવા, રાજ્ય સરકારે વર્ષ 2024-25ના બજેટમાં 'નમો લક્ષ્મી' યોજનાની જાહેરાત કરી છે. ધોરણ-૯ થી ધોરણ-૧૨માં અભ્યાસ કરતી વધુમાં વધુ વિદ્યાર્થિનીઓ આ યોજનાનો લાભ મેળવી શકે તેવા આશયથી, નવા શૈક્ષણિક સત્રથી આ યોજના અમલવામાં મૂકવામાં આવી છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં આ અંગે ચર્ચા કરવામાં આવી જેમાં પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે આ મુજબ જણાવ્યું

(બાઇટ- પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલ)

## GAMEING ZONE NEW GUIDELINE

રાજકોટ અગ્નિકાંડ બાદ રાજ્ય સરકારે ગેમિંગ ઝોન સહિતના જાહેર એકમોની સુરક્ષા માટે નવી માર્ગદર્શિકા પ્રકાશિત કરી છે. ધી ગુજરાત એમ્યુઝમેન્ટ રાઇડ્સ એન્ડ ગેમીંગ ઝોન એકટીવીટીઝ (સેફટી) રૂલ્સ-૨૦૨૪ નામે પ્રકાશિત આ માર્ગદર્શિકા ગુજરાત સરકારની વેબસાઇટ પર ઉપલબ્ધ છે, અને કોઈ પણ સામાન્ય નાગરિક તે વાચીને આ અંગેના વાંધા સૂચનો સરકાર સમક્ષ મોકલી શકે છે.

પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું કે રાજકોટ ટીઆરપી જેવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તે હેતુથી એમ્યુઝમેન્ટ રાઇડ્સ અને ગેમિંગ ઝોનમાં આવતા નાગરિકોની સલામતી માટે ગૃહમંત્રાલય દ્વારા આ માર્દર્શિકા બનાવાઈ છે. વધુમાં તેમણે કહ્યું કે કોઈ પણ નાગરિકને આ નિયમો વિશે વાંધા-સૂચનો હોય, તો તે આગામી તા. ૨૫ જૂન, ૨૦૨૪ સુધીમાં ગૃહ વિભાગના મેઈલ આઈડી home@gujarat.gov.in પર મોકલી શકે છે.

ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧ની કલમ- 33 હેઠળ પોલીસ કમિશનર તથા જિલ્લા મેજિસ્ટ્રેટને આ અંગે નિયમો બનાવવાની સત્તા છે. તેઓ આ નિયમને આખરી કરશે, જે બાદ તેને પ્રસિધ્ધ કરવામાં આવશે.

## PALANPUR ACCIDENT

બનાસકાંઠામાં પાલનપુર-અમદાવાદ હાઇવે ઉપર ભરકાવાડાના પાટિયા પાસે ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. ટ્રેલર, ટ્રક અને ગાડી વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા, 4 લોકોના મોત થયા હતા. જ્યારે અન્ય 2 ગંભીર રીતે ઘાયલ થયાના અહેવાલ છે.

ઉપરાંત અમીરગઢના વિરમપુર ડાભેલી અજાપુર પાટીયા પાસે પણ એક અકસ્માતની ઘટની બની હતી. જેમાં એક વ્યક્તિનું ઘટના સ્થળે મોત થયું હતું. જ્યારે અન્ય એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થતાં સ્થાનિક લોકો દ્વારા સારવાર માટે પાલનપુરની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

## Panchmahal- Death by falling into a well

પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાનાં પીપળીયા ગામે 3 માસુમ બાળકીઓના કૂવામાં પડી જવાથી મોત નિપજ્યા છે.

અમારા પંચમહાલ જિલ્લાના પ્રતિનિધિ વિપુલ પુરોહિત જણાવે છે કે ગત સાંજે બકરા ચરાવવા ગામની સીમ વિસ્તારમાં આ બાળકીઓ નીકળી હતી. બાળકીઓને પાણીની તરસ લાગતા એક બાળકી ત્યાં નજીકમાં આવેલા કૂવામાં પાણી પીવા જતા લપસી પડી હતી. તેને બચાવવા જતા અન્ય બે બાળકીઓ પણ કૂવામાં પડી જતાં ત્રણેય બાળકીઓના મોત નિપજ્યા હતા.

## OEGENIC FARMING COURSE

ગુજરાતની કૃષિ યુનિવર્સિટીઓમાં ગત વર્ષથી અમલી પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અંગેનો અભ્યાસક્રમ આગામી શૈક્ષણિક વર્ષથી સમગ્ર દેશની કૃષિ યુનિવર્સિટીઓમાં અમલી બનવા જઈ રહ્યો છે. આ માટેની સૌ પ્રથમ બેઠક ગાંધીનગર સ્થિત રાજભવન

ખાતે મળી હતી. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના માર્ગદર્શનમાં દેશના 12 વૈજ્ઞાનિકો દ્વારા આ અભ્યાસક્રમ તૈયાર કરાયો હતો. જેને ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ દ્વારા દેશની તમામ કૃષિ યુનિવર્સિટીઓમાં અમલી બનાવાયો છે. આ અભ્યાસ અંતર્ગત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન અને જીવામૃત, બીજામૃત, જંતુનાશક જેવા મુખ્ય વિષયોની સમાવેશ કરવામાં આવ્યો છે.

## MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.**

**આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.**

**વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..**

## Monsoon

રાજયમાં ચક્રવાતના કારણે આગામી 7 દિવસમાં વીજળની કડાકા સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે. આવતીકાલે અમદાવાદ, ગાંધીનગર, મધ્યગુજરાત સહિત દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓમાં હળવા વરસાદની આગાહી છે. આ વિશે વધુ જણાવે છે. હવામાન વૈજ્ઞાનિક રામાશ્રય યાદવ

(બાઇટ- હવામાન વૈજ્ઞાનિક રામાશ્રય યાદવ)

## GST Service centre

જીએસટી સેવા કેન્દ્રો શરૂ થવાથી બોગસ અરજીઓ આવતી બંધ થઈ છે. સાત મહિનાની અંદર જ, વર્ષ 2022ની સરખામણીએ અરજીઓની સંખ્યામાં સરેરાશ 25 ટકા જેટલો ઘટાડો નોંધાયો.

ગુજરાત રાજ્ય કર વિભાગના અનુસાર અગાઉ ગરીબ અને જરૂરિયાતમંદ લોકોના તેમજ બોગસ દસ્તાવેજોના આધારે GST નોંધણી કરાવીને ટેક્સચોરી કરવાની પ્રવૃત્તિ થતી હતી. પરંતુ સેવા કેન્દ્ર પર બાયોમેટ્રિક રજીસ્ટ્રેશન ફરજિયાત કર્યું

હોવાથી અસલ અરજદારને ખરાઇ માટે બોલાવવામાં આવે છે. એક જ કેન્દ્ર પર 40થી વધારે માપદંડોના આધારે અરજીની ચકાસણી કરવામાં આવે છે અને ત્યારબાદ તેમને GST નોંધણી નંબર આપવામાં આવે છે.

અત્યારે રાજ્યમાં વાપી, ગાંધીનગર, અમદાવાદ, સુરત, વડોદરા, ગોધરા, મહેસાણા, પાલનપુર, રાજકોટ, ભાવનગર, જુનાગઢ અને ગાંધીધામમાં કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે.

GST નોંધણી પ્રક્રિયાને વધુ પારદર્શક બનાવવા અને બોગસ રજીસ્ટ્રેશન અટકાવીને ટેક્સ ચોરી અટકાવવાના ઉદ્દેશથી નવેમ્બર, 2023માં રાજયમાં 12 જીએસટી સેવા કેન્દ્રોની શરૂઆત કરવામાં આવી હતી.

ભારતમાં સૌ પ્રથમ ગુજરાતમાં GST સેવા કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે.

## DIV-LABOURDAY

દીવ ખાતે વિશ્વ બાળ મજૂરી વિરોધી દિવસ નિમિત્તે શપથ ગ્રહણ તથા બાળ મજૂરી ની તપાસ હાથ ધરવામાં આવી હતી. જે અંતર્ગત જીલ્લા માં આવેલ દરેક બાંધકામ સ્થળો, હોટલો, વગેરે જગ્યાએ 14 વર્ષ થી નીચે ના બાળકો પાસે કોઈ કામ તો નથી  કરાવતું તે દરેક જાહેર તેમજ ખાનગી સ્થળોએ  જઈને તપાસ કરવામાં આવી,હતી  સાથે દીવ કલેકટર કચેરી ખાતે બાળ મજૂરી સંદર્ભે શપથ ગ્રહણ કરાવ્યા હતા.

પાટણના રિજિયોનલ સાયન્સ સેન્ટર ખાતે આજે વિશ્વ બાળમજૂરી વિરોધ દિન નિમિત્તે જાગૃતિ કાર્યક્રમ યોજાયો જેમાં 100 થી વધુ લોકોએ ભાગ લીધો હતો

## FATAFAT NEWS-1

- લોકસભા ચૂંટણી બાદ આજે પ્રથમ રાજ્ય મંત્રીમંડળની બેઠક મળી હતી. પત્રકારોને માહિતી આપતા પ્રવક્તા મંત્રી ષિકેશ પટેલે કહ્યું કે રાજ્ય મંત્રી મંડળ દ્વારા લોકસભા માં  NDA ગઠબંધનની સરકાર બનતા અને નરેન્દ્ર મોદી સતત

ત્રીજી વાર પ્રધાનમંત્રી બનતા સમગ્ર ગુજરાત વતી તેમને અભિનંદન પાઠવ્યા છે.

- રાજ્યની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓના વિકાસ કામો માટે 2હજાર 111 કરોડ રૂપિયાના ચેક વિતરણ આવતીકાલે ગાંધીનગર ખાતે કરાશે.
- અરવલ્લી જિલ્લા વહીવટી તંત્ર અને ફાયર વિભાગની ટીમ દ્વારા વિવિધ એકમોમાં તપાસ કરાઈ રહી છે. જેના ભાગ રૂપે ત્રણ શાળાઓને નોટિસ ફટકારાઈ.
- નવસારી કૃષિ યુનીવર્સીટીના અસ્પી બાગાયત મહાવિધાલય ખાતે આંબા પાક પરિસંવાદ, કેરી પ્રદર્શન તેમજ સ્પર્ધા યોજાઈ
- વડનગર નગરપાલિકા દ્વારા શહેરની હદ વિસ્તારમાં વિવિધ જગ્યા એ સફાઈ ઝુંબેશ હાથ ધરાઈ .
- તાપી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર પાઠવ્યું હતું. જેમાં જમ્મુ કાશ્મીરમાં શ્રદ્ધાળુ બસ પર થયેલા હુમલાને વખોડી કાઢવામાં આવ્યો.
- ગીર સોમનાથ જિલ્લામાં કાયદો વ્યવસ્થા જળવાઈ રહે અને અકસ્માતોની સંખ્યામાં ઘટાડો થાય તે માટે કલેક્ટરના વડપણ હેઠળ રોડ સેફ્ટી કાઉન્સિલ અને કાયદો અને વ્યવસ્થાની મિટિંગ યોજાઈ ગઈ
- ચોમાસામાં વરસાદ તેમજ પ્રાણીઓના પ્રજનન કાળને જોતા ગુજરાતના તમામ અભ્યારણ્ય તેમજ  રાષ્ટ્રીય ઉદ્યાનોમાં પ્રવાસીઓને નિષેધ ફરમાવાયો છે. 15 જૂનથી 15 ઑક્ટોબર સુધી પ્રતિબંધ અમલી રહેશે.
- દમણના આરોગ્ય વિભાગ દ્વારા મોટી દમણ સ્થિત રામ સેતુ પર માછીમાર બહેનો માટે યોગ કાર્યક્રમ યોજાયો હતો.

- સમગ્ર શિક્ષા સુરેન્દ્રનગર અને બી.આર.સી. ભવન વઢવાણ દ્વારા જિલ્લાના તમામ સી.આર.સી કોર્ડિનેટર માટે ‘સક્ષમ શાળા’ એપ્લિકેશન તેની માર્ગદર્શિકા વિષય પર બે દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાઇ ગયો .
- સ્વદેશી જાગરણ ગુજરાત પ્રાંતનો બે દિવસીય અભ્યાસ વર્ગ, દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે યોજાઇ ગયો. જેમાં ગાંધીનગર જિલ્લાના સ્વદેશી જાગરણ મંચની કાર્યકારિણીના સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.
- સુરત એરપોર્ટ પર આજે ફાઇટર વિમાન તેજસનું ઇમરજન્સી લેન્ડિંગ કરાયું હતું. જોકે આ લેન્ડિંગ કયા કારણોસર થયું એ જાણવા મળ્યું નથી.